## લિંબાયતમાં પ્રેમ પ્રકરણમાં યુવકનો આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલી શ્રીનાથ સોસાયટી વિભાગ-૨માં રહેતા ૩૬ વર્ષીય ભૈયા વસંત વાડીલે ડ્રાઇવિંગ કામ કરતો હતો. ગત ૧૩મી જાન્યુઆરીએ બપોરે ભૈયાએ ઘરમાં લગાવેલી લોખંડની હૂક સાથે દોરડું બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો.

## ડિંડોલીમાં ગળાના કેન્સરથી પીડિત યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્ર નાગપુરના વતની અને હાલ ડિંડોલીના ઠાકુરનગરમાં રહેતા ૩૧ વર્ષીય યુવરાજભાઈ સુરેશભાઈ પાત્રે નીડલ જેકાર્ડ મશીન પર ઓપરેટ તરીકે નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. યુવરાજ છેલ્લા દોઢ વર્ષથી ગળાના કેન્સરની બીમારીથી પીડાતો હતો. જેની ખાનગી હોસ્પિટલમાં દવા પણ ચાલુ હતી. ગત ૬ જાન્યુઆરીના રોજ બપોરે ઘરે પંખા સાથે દુપટ્ટા વડે ફાંસો ખાઈ લીધો હતો. ગત ૧૩ જાન્યુઆરીની સાંજે તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું.

## ૧૦૦ કરોડ બિલિંગના ITC ફ્રોડમાં આરોપીનાં જામીન નામંજૂર

સુરતઃ એમ.બી. એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર અંકુરકુમાર રમણભાઈ પટેલ (રહે.,નવું મણિનગર, અમદાવાદ)ની ધરપકડ તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ ડીજીજીઆઈ સુરત યુનિટ દ્વારા કરવામાં આવી હતી. આરોપી દ્વારા રૂ.૧૮.૧૯ કરોડની આઇટીસી લેવાનો આરોપ હતો. આરોપીએ પોતાની પત્નીનું બીમારીનું કારણ આપી અગાઉ આગોતરા જામીનઅરજી સેશન્સ કોર્ટમાં કરી હતી. જે કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. બાદમાં સેશન્સ કોર્ટે જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

## સચિન જીઆઈડીસીમાં પત્ની સાથે ઝઘડો થતાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ બિહારના વતની સુધીર કિશોરી કામટ (ઉં.વ.26) હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલા લક્ષ્મીવિલા ટેક્સટાઇલ પાર્કમાં રહેતો હતો. સુધીર જેકાડ મશીન પર કામ કરી વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતો હતો. 13મી જાન્યુઆરીની રાત્રે સુધીરનો તેની પત્ની સાથે ઝઘડો થયો હતો. સુધીર 25 દિવસ પહેલાં જ મુંબઈથી સુરત રોજગારી માટે આવ્યો હતો.

## ગ્રીફીન ઈવોટેક કંપનીના પ્રોપરાઈટર યશ દોશીને એક વર્ષની સજા

સુરતઃગ્રાઉન્ડ લાઇટીંગ અને હાઈમાસ્ટ ટાવર પ્રોજેક્ટનો ધંધો કરતા ફરિયાદી રજનીકાંત ધડુકે આરોપી યશ દોશીની સાથે મુંબઇમાં ટાવર સપ્લાયના ઇન્સ્ટોલેશન તથા રીપેરીંગ વર્ક માટે લેખિતમાં કરાર કર્યો હતો. આ કામ પેટે બાકી રકમ રૂા.૪૨,૫૪,૦૧૦નો ચેક આરોપીએ ફરિયાદીને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીને એક વર્ષની સજા અને ૬ ટકા વ્યાજ સાથે રકમ ચુકવવા હુકમ કર્યો હતો.

## ઉત્રાણમાં પ્રેમિકા નર્સે લગ્ન માટે ના પાડતાં રત્નકલાકારે ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની નારાયણ રાજેન્દ્ર પાટીલ (ઉં.વ.19) હાલ ઉત્રાણ વિસ્તારમાં આવેલા સુમન મંદિર આવાસમાં પરિવાર સાથે રહેતો હતો. નારાયણ રત્નકલાકાર તરીકે નોકરી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. મોટા વરાછા વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલની નર્સ સાથે નારાયણનું છેલ્લા એકાદ વર્ષથી પ્રેમસંબંધ હતો. મંગળવારે સવારે નારાયણ નાઇટ ડ્યૂટી કરી ઘરે આવીને સૂઈ ગયો હતો. દરમિયાન બપોરના સમયે તેની પ્રેમિકા નારાયણને હોસ્પિટલમાં મળવા માટે બોલાવ્યો હતો અને લગ્ન માટે ના પાડી દીધી હતી. ત્યારબાદ નારાયણ ઘરે આવીને તેની માતાને વિડીયો ફોન કરીને કહ્યું કે, મમ્મી મારું છેલ્લીવાર મોઢું જોઈ લે, તેમ કહીને ફોન મૂકી દીધો હતો અને પંખા સાથે સાડી બાંધી ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## સુરતીઓએ મકરસંક્રાંતિની સંધ્યાને પણ આતશબાજી સાથે દીપાવલીની જેમ દીપાવી




મકરસંક્રાતિનું પર્વ આમ તો ધાર્મિક રીતે દાન-પૂણ્યનું અને આકાશમાં પતંગો ઉડાવવા માટે લોકપ્રિય છે. પરંતુ છેલ્લા ઘણાં વર્ષોથી સમૃદ્ધ સુરત શહેરે તેને એક નવી ઓળખ આપી છે. પતંગ ચગાવ્યા બાદ ટેરેસ પરથી રંગબેરંગી આતશબાજી કરવાનો નવો ટ્રેન્ડ શરૂ થયો છે. પ્રસ્તુત તસવીર પણ રંગબેરંગી રોશનીથી પ્રજ્વલિત સુરતના નયનાકર્ષક આકાશની છે,,જે દીપાવલીની અંધારી રાત્રિની જેમ ઝગમગી ઊઠ્યું હતું. **(તસવીરઃ હેમંત ડેરે)**

# પ્રથમ વખત દુર્લભ પક્ષીઓ ઘાયલ

**દુર્લભ** મનાતા બ્લેક આઈબીસ, કાકાટેલ, વોટર બર્ડ સહિતનાં પક્ષીઓને રેસ્ક્યુ કરાયાં

**વનવિભાગે** પાંચ દિવસમાં 17 પ્રજાતિનાં 2615 પક્ષીનાં રેસ્ક્યુ કરાયાં

સુરતઃ ઉતરાયણ પર્વ દરમિયાન સુરત જિલ્લામાં કુલ ૧૭ પ્રજાતિના 2615 પક્ષીઓનું રેસ્ક્યુ કરી સારવાર આપવામાં આવી હોવાનું વન વિભાગે જણાવ્યું છે.

રેસ્ક્યુ કરાયેલા પક્ષીઓમાં કબુતર, સમડી, કાગડો, પોપટ, બગલા, બ્લેક આઈબીસ, ઘુવડ, ચામાચીડીયું, વોટર બર્ડ, કાબર, ટીટોડી, કોયલ, મોર, કોકટેલ, ચકલી અને સકરો સહિતની કુલ ૧૭ પ્રજાતિનો સમાવેશ થાય છે. રેસ્ક્યુ કરાયેલા કુલ પક્ષીઓમાંથી 312 પક્ષી મૃત્યુ પામેલા મળી આવ્યા હતા.

### બે દિવસમાં ફાયર વિભાગને પક્ષી બચાવના 50 કોલ

સુરતઃ પતંગની દોરીમાં ફસાયેલા પક્ષીઓને બચાવવા માટે બે દિવસમાં ફાયરને 50 કોલ મળ્યા હતા. 14મી જાન્યુઆરીએ 25 કોલ, જ્યારે 15મીએ પણ પક્ષીઓ ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ યથાવત રહી હતી અને વધુ 25 કોલ નોંધાયા હતા. ફાયરના જવાનોએ જે-તે સ્થળે પહોંચી દોરીમાં ફસાયેલા પક્ષીઓને મુક્ત કરાવી સારવાર અર્થે એનજીઓ અને વન વિભાગના કેન્દ્રો પર પહોંચાડ્યા હતા. શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને વન વિભાગ દ્વારા પણ અસંખ્ય પક્ષીઓને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. કાતિલ ચાઇનીઝ દોરી પરના પ્રતિબંધ છતાં તેના ઉપયોગને કારણે પક્ષીઓના પાંખ અને ગળા કપાવાની ઘટનાઓ વધુ જોવા મળી હતી.

### તા.20 જાન્યુઆરી સુધી અભિયાન ચાલુ રહેશે

રાજ્યભરમાં તેમજ સુરત જિલ્લામાં 'કરુણા અભિયાન'તા.૨૦ જાન્યુઆરી, સુધી ચાલુ રહેશે. વન વિભાગ દ્વારા વિવિધ NGO, સ્વયંસેવકો અને વેટરનરી ટીમના સહયોગથી પક્ષીઓના બચાવ-સારવાર માટે સતત કામગીરી કરeR રહી છે. વન વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે, જો ક્યાંય ઘાયલ અથવા મુશ્કેલીમાં મુકાયેલા પક્ષીઓ નજરે પડે તો તાત્કાલિક જિલ્લા વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર ૯૯૦૯૭-30030 પર સંપર્ક કરવો.

### શહેરમાં ઘાયલ કુલ પક્ષીઓની માહિતી

| પક્ષી | સંખ્યા |
|---|---|
| કબૂતર | 2421 |
| સમડી | 04 |
| કાગડો | 91 |
| પોપટ | 19 |
| બગલા | 13 |
| બ્લેક આઈબીસ | 02 |
| ઘુવડ | 16 |
| ચામચીડિયા | 08 |
| વોટર બર્ડ | 01 |
| કાબર | 04 |
| ટીટોડી | 04 |
| કોયલ | 14 |
| મોર | 03 |
| કાકાટેલ | 01 |
| ચકલી | 02 |
| સકરો | 01 |
| અન્ય | 07 |
| **કુલ** | **2615** |

### મોત થયેલાં પક્ષીઓની માહિતી

| પક્ષી | સંખ્યા |
|---|---|
| કબુતર | 303 |
| કાગડો | 08 |
| પોપટ | 01 |
| **કુલ** | **312** |

# ઉત્તરાયણ સુરત માટે જીવલેણ, માંજાએ 8ની જિંદગી છીનવી

**ટિફિન** આપવા જતો યુવાન, ઘરે પરત ફરતો યુવાનના ગળા દોરીએ કાપી નાખ્યાં

**બે** યુવતીઓ પતંગ ચગાવતી વેળા ધાબા પરથી પટકાતાં મોત

**અન્ય** ઘટનામાં પણ ચારના મોત

સુરતઃ હર્ષ, ઉલ્લાસ અને આનંદનો પર્વ ગણાતી ઉત્તરાયણ સુરત શહેર માટે આ વર્ષે શોકસભર સાબિત થઈ છે. પતંગની કાતિલ દોરીએ શહેરમાં આતંક મચાવી દીધો હતો. ઉત્તરાયણના દિવસે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બનેલા બનાવોમાં બાળક સહિત કુલ 8 લોકોના દુઃખદ મોત થયા હતા, જ્યારે 35થી વધુ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત બન્યા હતા. આ અકસ્માતોમાં પતંગ પકડતી વખતે અગાસી પરથી પટકાઈ જવું, પતંગની દોરી ગળામાં વાગવી, વાહનચાલન દરમિયાન દોરી વચ્ચે આવી જવાથી થયેલા માર્ગ અકસ્માતો અને વીજ કરંટ લાગવાના બનાવો સામેલ છે. ખાસ કરીને વાહનની વચ્ચે પતંગની દોરી આવી જતા થયેલા અકસ્માતોમાં સૌથી વધુ જાનહાનિ નોંધાઈ છે, જેમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનો પણ સમાવેશ થાય છે. જ્યારે ઉતરાયણના આગલા દિવસે એક બાળકનું પતંગ કાઢતા કરંટ લાગવાથી મોત થયું હતું.

### 35થી વધુ લોકો ઇજાગ્રસ્ત, 108 એમ્બ્યુલન્સ સતત દોડતી રહી

શહેરના વિવિધ વિસ્તારોમાં ઉત્તરાયણ દરમિયાન થયેલા અકસ્માતોમાં 35થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. 14 જાન્યુઆરીડ નવી સિવિલ હોસ્પિટલમાં 16 અને સ્મીમેરમાં 10 ઇજાગ્રસ્તોને સારવાર અપાઈ હતી. 15મીએ નવી સિવિલમાં 5 અને સ્મીમેરમાં 4 ઇજાગ્રસ્ત દર્દી દાખલ થયા હતા. કેટલાકને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી, જ્યારે કેટલાકને વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન 108 એમ્બ્યુલન્સ સેવા સતત દોડતી રહી, જેનાથી અનેક ઇજાગ્રસ્તોને સમયસર સારવાર મળી શકી.

### 108 એમ્બ્યુલન્સ દોડી, બે દિવસમાં 200થી વધારે કોલ

સુરત શહેર અને જિલ્લામાં બે દિવસ અનેક લોકો ઘાતક દોરીથી ઘવાયા હતા. અનેક અકસ્માતો થતા દિવસભર 108 એમ્બ્યુલન્સ દોડતી રહી હતી. 14 તારીખે ઉતરાયણના દિવસે શહેરમાં 108ને 120થી વધારે કોલ જ્યારે 15મીએ 100થી વધારે કોલ મળ્યા હતા. 108ના પ્રોજેક્ટ મેનેજર અભિષેક ઠક્કરે જણાવ્યું કે, આ કોલ માત્ર પતંગને રિલેટડ છે.

### નવી સિવિલમાં દાખલ માતાને ટિફિન આપવા જતો યુવક કાતિલ દોરીનો ભોગ

**બનાવ - 1**

મૂળ હૈદરાબાદના વતની અને હાલ પર્વતગામ એક્તાનગરમાં રહેતા નિલેશ રવિ પૌટયા (ઉ.વ. 19) પોતાના મિત્ર આલોક સાથે બાઈક પર ઉત્તરાયણના દિવસે બપોરે નવી સિવિલ હોસ્પિટલ જઈ રહ્યો હતો. નિલેશની માતા શ્રીલતાના પગનું ઓપરેશન થતા તેઓ હોસ્પિટલમાં દાખલ હતા અને પુત્ર ટિફિન આપવા જઈ રહ્યો હતો. પર્વત પાટિયા પરથી ભાઠેના તરફના બ્રિજ પર ચડતી વખતે અચાનક બાઈકની વચ્ચે પતંગની દોરી આવી જતા નિલેશે બ્રેક મારતા બાઈક સ્લીપ થઈ ગઈ. તે દરમિયાન પાછળથી આવી રહેલી સિટી બસના પાછળના ટાયરે નિલેશના માથા પર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું. એક માતા માટે પુત્ર અને પરિવાર માટે આશાનો દીવો બુઝાઈ ગયો.

### વેસુ VIP રોડ પર ગળામાં દોરી વાગતાં સચિનના યુવકનું મોત

**બનાવ - 2**

સચિનના શિવનગરમાં રહેતા પ્રિન્સ મંગલ બાથમ (ઉ.વ. 23) રિલાયન્સ મોલમાં કોલ્ડ ડ્રિંકના પ્રમોટર તરીકે કામ કરતો હતો. ઉત્તરાયણના દિવસે સાંજે મિત્રો સાથે મળીને મોપેડ પર ઘરે પરત ફરી રહ્યો હતો. વેસુ લાલગોડા સર્કલથી ખાટું શ્યામ મંદિર તરફ જતી વખતે અચાનક તેના ગળામાં પતંગની દોરી વાગી ગઈ. ગંભીર રીતે ઇજાગ્રસ્ત બનેલા પ્રિન્સનું સારવાર પહેલાં જ મોત નિપજ્યું.

### ભેસ્તાનમાં બીજા માળેથી પટકાતાં 16 વર્ષની કિશોરીનું મોત

**બનાવ - 3**

ભેસ્તાન જય રાધે સોસાયટી ઇન્ડસ્ટ્રીઝમાં રહેતા કમલેશ નિષાદની 16 વર્ષીય પુત્રી મન્ટુબેન ઉત્તરાયણની રાત્રે ઘરના બીજા માળે પતંગ ચગાવી રહી હતી. દરમિયાન સંતુલન ગુમાવતા તે નીચે પટકાઈ હતી. 108 એમ્બ્યુલન્સ દ્વારા તેને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું.

### ઉત્રાણમાં પતંગ પકડતી વખતે ત્રીજા માળેથી પડતાં યુવતીનું મોત


**બનાવ - 4**

મૂળ મધ્યપ્રદેશના વતની ભોળાભાઈ મહિડા હાલ ઉત્રાણ વિસ્તારમાં સિલ્વર રિયોનેસ નામની નિર્માણાધીન બિલ્ડિંગની લેબર કોલોનીમાં પરિવાર સાથે રહે છે. તેમની 18 વર્ષીય પત્ની રેખા ઉત્તરાયણના દિવસે બપોરે ત્રીજા માળેથી પતંગ પકડવાનો પ્રયાસ કરી રહી હતી. આ દરમિયાન સંતુલન ગુમાવતા તે નીચે પટકાઈ ગઈ અને ગંભીર ઇજાઓને કારણે તેનું મોત નિપજ્યું.

# ઉત્તરાયણનો ટ્રેન્ડ બદલાયો, બે દિવસની રજામાં નેચરપાર્કમાં કીડિયારું

**બે** જ દિવસમાં સરથાણા નેચર પાર્કમાં 33 હજારથી વધુ મુલાકાતીઓ આવ્યા

**ઉત્તરાયણના** દિવસે 24388 અને વાસી ઉત્તરાયણના દિવસે 8716 મુલાકાતી નોંધાયા



સુરતઃ સામાન્ય રીતે સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા નેચર પાર્કમાં સૌથી વધુ ભીડ દિવાળીના વેકેશન દરમિયાન જોવા મળતી હોય છે. પરંતુ આ વર્ષે ઉત્તરાયણના પર્વે પણ દિવાળી જેવો જ ધસારો જોવા મળ્યો હતો. પતંગબાજીના તહેવારમાં ખુલ્લા આકાશની સાથે સાથે લોકોએ પ્રકૃતિના ખોળે વન્યજીવો વચ્ચે સમય વિતાવવાનું પણ પસંદ કર્યું હતું. ઉત્તરાયણ અને તેના બીજા દિવસે (વાસી ઉત્તરાયણ) નેચર પાર્કમાં કુલ 33,104 મુલાકાતીઓ નોંધાયા હતો અને જેના થકી મનપાને 2 દિવસમાં કુલ રૂા. 9.64 લાખની આવક થઈ હતી. હવે ઉતરાયણમાં ટ્રેન્ડ બદલાયો હોય તેવી પ્રતિતિ થઈ રહી છે. લોકો પતંગ ઉડાવવાને બદલે પરિવાર સાથે પીકનીકના સ્થળે જવાની સંખ્યા વધી રહી છે.

નેચર પાર્કના સત્તાધીશોના મતે, દિવાળીના દિવસોમાં મુલાકાતીઓની સંખ્યા ખૂબ જ વધારે રહેતી હોય છે, પરંતુ આ વખતે ઉત્તરાયણના બે દિવસમાં જ 33,104 લોકોએ મુલાકાત લીધી હતી. જેમાં ઉત્તરાયણના દિવસે 24,388 મુલાકાતી નોંધાયા હતા અને આવક રૂા. 7,22,090 થઈ હતી. જ્યારે બીજા દિવસે એટલે કે વાસી ઉત્તરાયણના રોજ 8716 મુલાકાતી નોંધાયા હતા અને આવક રૂા. 2,42,180 થઈ હતી. બે દિવસની કુલ આવક રૂ. 9.64 લાખને વટાવી ગઈ હતી. નેચર પાર્કમાં સફેદ વાઘ, સિંહ અને પક્ષીઘર મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણ છે. રજાના માહોલમાં પરિવારો પિકનિક મનાવવા ઉમટી પડે છે. સુરત મનપા દ્વારા ભીડને જોતા સિક્યુરિટી અને પાર્કિંગની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી પ્રવાસીઓને કોઈ મુશ્કેલી ન પડે.

### 'ઘરમાં તેલ પડ્યું છે,તેનાથી સળગી જા', ક્રૂર પતિનું કારસ્તાન

# આપઘાત માટે ઉશ્કેરી પત્નીનો સળગતી હાલતનો વિડીયો બનાવ્યો!

**ઈચ્છાપોરમાં** ઘરેલું ઝઘડો બન્યો જીવલેણ, પતિ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા સહિતનો ગુનો નોંધાયો

સુરતઃ ઈચ્છાપોર વિસ્તારમાં માનવતા કંપાવી દે તેવી ઘટનામાં પતિની સતત હિંસા અને અપમાનથી કંટાળી એક પરિણીતાએ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી છે. પતિએ બચાવવાને બદલે સળગતી પત્નીનો વીડિયો બનાવ્યાનો ગંભીર આરોપ સાથે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બિહારના છપરા-સારન જિલ્લાના અતરસન ગામના વતની હરબંશ છબીલા સાહ (ઉંમર 64), ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે. તેમની દીકરી પ્રતિમાદેવી (ઉંમર 31)ના લગ્ન રંજિત દિલીપ સાહ (ઉંમર 33) સાથે લગભગ ત્રણ વર્ષ અગાઉ થયા હતા.લગ્નના થોડા સમય બાદથી જ પતિ રંજિત દ્વારા નાની-નાની વાતોમાં ઝઘડા કરી મારપીટ અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. હરબંશભાઈના જણાવ્યા મુજબ દીકરીને સતત હિંસા અને ત્રાસ સહન કરવો પડતો હતો. તા. 04/01/2026ના રોજ સાંજના આશરે સાડા ચાર વાગ્યાના અરસામાં પતિ-પત્ની વચ્ચે ફરી ઉગ્ર ઝઘડો થયો હતો. ઝઘડાની પરાકાષ્ઠાએ પ્રતિમાદેવીએ ગુસ્સા અને હતાશામાં "મરી જાઉં" એવું કહેતાં પતિ રંજિતે તેને 'ઘરમાં તેલ પડ્યું છે, તેનાથી સળગી જા' તેમ કહી આપઘાત કરવા માટે ઉશ્કેરી હતી.

આ ઉશ્કેરણીના પગલે પ્રતિમાદેવીએ ઘરમાં રાખેલું ડિઝલ પોતાના શરીર પર ઢોળી દીધું અને દિવાસળી ચાંપી દેતાં તે સળગી ઉઠી હતી. પત્ની સળગતી હોવા છતાં પતિએ તેને બચાવવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો, ઉલટું સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી રહ્યો હતો અને તેણીને સળગવા દીધી હતી. ગંભીર રીતે દાઝી ગયેલી પ્રતિમાદેવીને સારવાર માટે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. ઘટનાને લઈ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં પિતા હરબંશ છબીલા સાહની ફરિયાદના આધારે જમાઈ રંજિત દિલીપ સાહ (રહે. ઘર નં. એમ/30, જયરાજ સોસાયટી, ઈચ્છાપોર બસ સ્ટેન્ડ-03) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આપઘાતની દુષ્પ્રેરણા સહિતની ગંભીર કલમો હેઠળ કેસ દાખલ કરી ઘટનાના તમામ પાસાંની તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું છે કે ઘટનાસ્થળેથી મળેલા પુરાવા, વીડિયો ક્લિપ તથા સાક્ષીઓના નિવેદનોના આધારે વધુ તપાસ હાથ ધરાઈ રહી છે.

## LH રોડના આગગ્રસ્ત ખાતામાં ફસાયેલા ત્રણ કારીગરનું રેસ્ક્યુ

સુરતઃ સુરતના એલ.એચ. રોડ પર ટોરન્ટ ટાવરની પાછળ સીતાપાર્ક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 14મીએ પ્લોટ નંબર 125-126માં એમ્બ્રોઈડરીના ખાતાના પ્રથમ માળે શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળી હતી. આગ લાગી ત્યારે ખાતું બંધ હતું, પરંતુ અંદર રહેતા ત્રણ કારીગરો આગના કારણે ધુમાડાના ગોટેગોટા ઉઠતા અને બહાર નીકળવાનો રસ્તો બંધ હોવાથી ફસાઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા જ કાપોદ્રા, અશ્વિનીકુમાર, ઘાંચી શેરી અને પુણાગામ ફાયર સ્ટેશનની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ બંધ ખાતામાં ફસાયેલા ત્રણેય કારીગરને સુરક્ષિત બહાર કાઢી તેમનો જીવ બચાવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ એમ્બ્રોઈડરીના મશીનો અને કાપડના જથ્થાને નુકસાન પહોંચ્યું છે.

# આકાશમાં લાઈટિંગવાળી પટ્ટીથી લોકોને ફડક પેંઠી, એલિયન્સ છે?



સુરતઃ વાસી ઉતરાયણના સૂર્યાસ્ત પછી સુરતમાં રાતે જુદા જુદા કલરની લાઈટિંગવાળી લાંબી પટ્ટી જોવા મળી હતી. સોશિયલ મીડિયામાં લોકોએ રમૂજ કરી કે સુરતમાં એલિયન્સ ઉતરી રહ્યા છે? આ શું છે? ખરેખર, આજે ઉતરાયણ મહોત્સવ દરમિયાન, કોઈએ LED લાઈટ બલ્બથી બનેલા દોરી સાથે આકાશમાં પતંગ છોડ્યો એ દૃશ્ય છે. જ્યારે પતંગ કાપવામાં આવે છે અથવા કપાય છે, ત્યારે LED લાઈટ પવનની દિશામાં આગળ વધે છે અને વધુને વધુ ઊંચી ગતિ કરે છે. પ્રકાશ ધીમે ધીમે ઝાંખો પડે છે. પછી, એક જ રેખાને બદલે, બલ્બ ઉપર અને નીચે ફરવા લાગે છે. જ્યારે તેઓ ઘણાં માઈલ આગળ વધે છે, ત્યારે એવું લાગે છે કે જાણે કોઈ વિચિત્ર ઘટના બની રહી છે. આવો નજરો સુરત, ઉપરાંત વડોદરા, અમદાવાદમાં પણ જોવા મળ્યો હતો.


**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 - ફેક્સઃ +91 44 4564 4022

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને આરબીઆઇની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 20468084 | હોમ લોન | ૧. સુધીર દુબે ૨. દીપશિખા દુબે | 30.12.2025 | INR 6,41,064.49/- |

મિલકતનું સરનામુંઃ પ્લોટ નં. ૧૩૯ના બધા ટુકડા અને પાર્સલ, ૪૦.૦૮ ચોરસ મીટર માપવા સાથે, ૨૭.૨૮ ચોરસ મીટર, રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં અવિભાજિત હિસ્સો, કુલ ૬૭.૩૬ ચોરસ મીટર માપન, "સ્કાય વિલા"માં, રેવન્યુ સર્વે નં. ૨૯૦, બ્લોક નં. ૧૪૯, મોજે ગામ ખાતે સ્થિતઃ સ્યાદલા, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૫૪૦ અને સીમા નીચે મુજબઃ પૂર્વઃ પ્લોટ નં. ૧૩૪, પશ્ચિમઃ સોસાયટી ઇન્ટરનલ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૧૩૮, દક્ષિણઃ પ્લોટ નં. ૧૪૦.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

તારીખઃ 16.01.2026
સ્થળઃ સુરત, ગુજરાત
એસડી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોનઃ +91 44 4564 4000 - ફેક્સઃ +91 44 4564 4022

**સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ**

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને RBIની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ | કલમ 13 (2) નોટિસ તારીખ | કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 68923044 & 68918904 | હોમ લોન | ૧. જીતેન્દ્ર કુમાર કાંતિ લાલ ૨. હર્ષા દેવી જીતેન્દ્ર કુમાર | 27.12.2025 | INR 13,52,976.65/- |

મિલકતનું સરનામુંઃ ફ્લેટ નં. ૧૦૮ના બધા ટુકડા અને પાર્સલ, ૫૩૫ ચોરસ ફૂટ, એટલે કે ૪૯.૭૦ ચોરસ મીટર, બિલ્ટ અપ એરિયા, ૪૮૬.૯૩ ચોરસ ફૂટ, એટલે કે ૪૫.૨૪ ચોરસ મીટર, કાર્પેટ એરિયા, જમીનમાં પ્રમાણસર અવિભાજિત હિસ્સો ૨૨.૧૦ ચોરસ મીટર સાથે., પહેલા માળે, (મંજૂર યોજના મુજબ ઉચ્ચ ગ્રાઉન્ડ ફ્લોર પર), "બી-ટાઇપ બિલ્ડીંગ" "વિંગ-બી", "ટ્યૂલિપ બિલ્ડીંગ", "બ્લોસમ પાર્ક" તરીકે ઓળખાતો પ્રોજેક્ટ., એન.એ. લેન્ડ બેરિંગ રેવન્યુ સર્વે નં. 111/1 પર વિકસાવવામાં આવ્યો છે, વિલય બાદ 7/12 મુજબ બ્લોક નં. 98 અને રેવન્યુ સર્વે નં. 111/2, વિલય બાદ 7/12 મુજબ બ્લોક નં. 99 મોજે ખાતે સ્થિતઃ ગામ કડોદરા, પેટા-જિલ્લા અને તાલુકા પલસાણા, જિલ્લોઃ સુરત, રાજ્યઃ ગુજરાત, ગુજરાત-394327, અને પૂર્વઃ સંલગ્ન બ્લોક નં. 84, પશ્ચિમઃ સંલગ્ન રોડ, ઉત્તરઃ સંલગ્ન બ્લોક નં. 100 અને 101, દક્ષિણઃ સંલગ્ન રોડ.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની કલમ 13 (13) હેઠળ વેચાણ/લીઝ દ્વારા અથવા અન્ય રીતે ઉપરોક્ત સુરક્ષિત અસ્કયામતોને સ્થળાંતરિત કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે.

તારીખઃ 16.01.2026
સ્થળઃ સુરત, ગુજરાત
એસડી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)